## પરિશિષ્ટ:૧

## દલપત ચૌહાણ કૃત મૂંઝારો વાર્તાનો આસ્વાદ

# મૂંઝારો- વાર્તાનો આસ્વાદ

- રાજેન્દ્ર પરમાર

મલક, ગીધ, જેવી નવલકથાઓ દ્વારા ગુજરાતી કથાસાહિત્યમાં પ્રવેશ કરનાર દલપત ચૌહાણ અનુઆધુનિક ગુજરાતી સાહિત્યનાં મહત્વનાં સર્જક છે. 'ક્યા છે સૂરજ? ' કાવ્યસંગ્રહ માટે, 'અનાર્યાવ્રત' નાટ્ય સંગ્રહ માટે, 'દીવાલ' એકાંકી માટે તેમને ગુજરાતી સાહિત્ય પરિષદનાં ઇનામો પ્રાપ્ત થયા છે. કવિતા, નવલકથા અને નાટ્યલેખનની જેમ જ તેમણે વાર્તાક્ષેત્રે પણ નોંધપાત્ર પ્રદાન કર્યું છે. તેમની વાર્તાઓ લખાઈને સામયિકમાં પ્રસિદ્ધ થઈ છે વહેલી પણ વાર્તાસંગ્રહરૂપે પ્રકાશિત ઘણાં લાંબા અંતરાલ બાદ થઈ છે. તેમનો પ્રથમ વાર્તાસંગ્રહ મૂંઝારો ઇ. સ. 2002માં પ્રગટ થાય છે. આ વાર્તાસંગ્રહમાં કૂલ 18 વાર્તાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સંગ્રહની બધી જ વાર્તાઓ દલિતચેતનાકેન્દ્રી છે. સંગ્રહની દરેક વાર્તામાં પ્રયોજાયેલું કથાઘટક નવીન ન હોવા છતાં લેખકે એ કથાઘટકો પાસેથી નવીન રીતે કામ પાર પાડ્યું છે. ડો. ભરત મહેતા નોંધે છે કે- "વાર્તાની ખપમાં લીધેલું ઘટનાને ચકચકીત કરી આપવાની એમનામાં ફાવટ છે". જેનો અનુભવ આ સંગ્રહની વાર્તામાંથી પસાર થતાં આપણને થાય છે.

સંગ્રહની અન્ય વાર્તાઓથી અલગ પડતી વાર્તા મૂંઝારો છે. આમ, તો સંગ્રહની મોટાભગની વાર્તાઓમાં લેખકે દલિતસમાજને સવર્ણસમાજ સમક્ષ મુકીને દલિતોને વેઠવી પડતી પીડા, અન્યાય, શોષણ, બળજબરી, અસ્પૃશ્યતા, અંધશ્રદ્ધાને વાચા આપી છે. પણ અહીં કેટલીક વાર્તાઓમાં દલિત પાત્રોને કેટલીક વિશિષ્ટ પરિસ્થિતિમાં મૂકીને એમને આત્મમંથન કરતા પણ બતાવ્યા છે. જેમકે 'ઠંડુ લોહી ' ના પરમારમાંથી પરીખ બનેલા ડોક્ટર સાહેબ, 'ના ખપે ' નો શહેરમાંથી ગામડામાં આવેલ વાર્તાનાયક, 'મૂંઝારો' વાર્તાનો રણછોડ...

વાર્તાસંગ્રહનું શીર્ષક જે વાર્તા પરથી રાખવામાં આવ્યું છે તે સંગ્રહની છેલ્લી વાર્તા 'મૂંઝારો' છે. પાંચ કિલો બાજરીની લાલચ આપી મનીમાં જીવતો પાડો મરી ગયેલો છે એમ જણાવી રણછોડની પત્ની જીવીને આપી દે છે. સાથરી પર લાવવામાં આવેલા જીવતા પાડાને રણછોડ

છરીનો કાપ મૂકે છે, ત્યાં પાડો ધબ્બાક દઈ નીચે પડે છે. જીવનમાં પ્રથમવાર રણછોડે જીવતા પાડાને કાપ મૂક્યો અને મરી ગયો એ અપરાધબોધથી પીડાતો રણછોડ મૂંઝારો અનુભવે છે.

જીવદયા અને અહિંસામાં માનતો સ-વર્ણ વર્ગ મુંગા પશુઓ પર કેવો જુલમ કરે છે. એની પ્રતીતિ આ વાર્તા દ્વારા ભાવકને થાય છે. માય ડિયર જયુની 'જીવ' વાર્તામાં પણ નવા જન્મેલા પાડાને જે રીતે મારી નાખવામાં આવે છે તે બતાવે છે કે 'હાથીનાં દાંત ચાવવાના જુદા અને બતાવવાના જુદા' ની જેમ સવર્ણ વર્ગ વર્તતો હોય છે.

વાર્તાની શરૂઆતમાં લવજી કોરોટને ત્યાંથી સુલ્લીમાં લાવવામાં આવેલો પાડો સાથરી વચોવચ મૂકવામાં આવે છે અને રણછોડ હાથમાં છરી અને આર લઈને 'પાડાને પાડવાની ' તૈયારીમાં જોતરાય છે. 'પાડો પાડતા' પહેલા રણછોડ જીવીને જેનો ભાગ હોય એને ભોથા લેવા ઘરે આવવાનું જણાવી દે છે. ઘરે જવા નીકળેલી જીવીને રસ્તામાં મેનાડોશી મળી જાય છે. અને જાણે કે જીવીના આવવાની જ રાહ જોતી હોય એમ એને દેખતા જ પ્રશ્ન પૂછી બેસે છે- "હાચુલી જીવલી...લવજી કોરટનો પાડો મરી જ્યો...?" જીવી રણછોડે કહ્યું એ પ્રમાણે પાડો બહુ મોટો ન હોવાથી જેનો ભાગ હોય એમને જ ભોથા લેવાનું કહ્યું હોવાથી સીધેસીધો જવાબ આપવાને બદલે ગૂંચવણમાં મૂકે એવો જ જવાબ આપે છે. પણ ગીધની જેમ તાકીને બેઠેલી મેનાડોશી આગળ જણાવે છે- "ચ્યમ ખબેર ના પડઅ લવજીની ભેસનઅ પાડો આયો તાણ જ ખબેર અતી... આ પાડો..." મર્મર હસતી મેનાડોશી પર જીવીને ચીડ ચડે છે અને જવાબ આપ્યા વિના જ ત્યાંથી જતી રહે છે.

ત્યારબાદનું દૃશ્ય પાડાને પાડવામાં લાગેલા ભીખો અને રણછોડ જ્યાં છે તે સાથરીનું લેખકે બતાવ્યું છે. અહીં 'પાડા પાડવા'ની જે ક્રિયાઓ છે તેને લેખકે આબેહુબ વર્ણવી આપી છે. પાડા પર કાપ મૂકતા પહેલા રણછોડને પોતાની જાત પર હસવું આવે છે. પણ પાડાના પુછડે કાપ મૂકતા જ પાડો 'હંતળોક' ઊભો થઈ 'ધબ્બાક' દઈને નીચે પડકાય છે. તેને "બીજી પળે, કાપા પર લોહીના ટશિયા ફૂટ્યા અને પુંછડું ધ્રુજવા લાગ્યું સાથે ચારેય પગ રણછોડ કાંઈ સમજે તે પહેલા પાડું 'હંતળોક' ઊભું થઈ ગયું અને ધફફાંગ દઈને નીચે પટકાયું." પાડાની આવી જીવિત દશા જોતા જ રણછોડ ડઘાઈ જાય છે અને જાણે કે સ્વપ્નું જોતો હોય એમ અચાનક ભાનમાં આવી લવજી કોરોટને ગાળો વરસાવા માંડે છે અને બબડતા બબડતા હાથમાંથી પડી ગયેલી છરી લઈને હવામાં ઘા કરતો વીંઝે છે. રણછોડ આમ કેમ કરે છે? એ ભીખાની નજરમાં નથી આવતું. હજી પણ પાડું

જીવી જાય એ માટે રણછોડ ભીખાને પાણી લઈ આવવા જણાવે છે. અને ભીખાના કહેવા છતાં 'પાડું મરી ગયું' એ વાતનો વિશ્વાસ બેસતો નથી. અને રણછોડની અકળામણ વધતી જાય છે. રણછોડની આ અકળામણ અહીં સ્વાભાવિક લાગે છે.

પોતાની આ અકળામણ લવજી કોરોટ ઉપર કાઢે છે.  કારણ કે જીવતું પાડું લવજી કોરોટને ત્યાથી લાવવામાં આવ્યું હતું. ઘરે પહોંચતા પોતાની પત્ની જીવી ઉપર ગુસ્સે થાય છે. પણ માવજી પંડ્યાના આગમનને લીધે થોડા સમય માટે તેનો ગુસ્સો ઠંડો પડે છે." આજી અગ્યારસનો જોગ, આથે તે સાથે... કણેક આલો, સવસ્તી... જે થાવ." સાંભળી રણછોડ વધારે અપરાધબોધ અનુભવે છે કે અગ્યારસના દિવસે જ પોતાનાથી જીવતું પાડું કપાયું. અહીં રણછોડનાં અપરાધબોધની સાથે તેની ધાર્મિક માન્યતા પણ વણાય ગઈ છે.

માવજી પંડ્યાના ગયા બાદ રણછોડને લવજીભા યાદ આવે છે અને ગામમાં જવા ઉતાવળ કરે છે. પોતે પાંચ કિલો બાજરીની લાલચે જીવતું પાડું લઈ આવી હતી. એ વાત જીવી રણછોડથી છુપાવે છે. અહીં રણછોડના શબ્દોમાં મૂક આક્રોશના દર્શન થાય છે. જેમકે-" મરી તો જ્યું આ પાપ હાથરીયે ઘાલ્યું ઈનું હુ? દિયોર બચારાનઅ દુધ વના ટટળાઈનઅ મારઅ, અન કિસઅ મિયોર મરેલું હોધસઅ. હાહરા પાપિયા." જતા જતા જીવીના છેલ્લા શબ્દો તેને યાદ આવે છે કે- "એકલા લવજીભા નઈ આખી મલક પાડા મારઅ સ!" આ શબ્દો તેની મૂંઝવણમાં વધારો કરે છે. લવજીભાના ઘરે જવા નીકળેલો રણછોડ આત્મમંથન કરતો લેખકે બતાવ્યો છે. એને પોતાની આર્થિક અવદશા પર પણ હસવું આવે છે. જો પોતાની આર્થિક સ્થિતિ સારી હોત તો સોનાના પાડાની મૂર્તિ કરીને ભગવાનને આપ્યો હોત પણ અહીં તો બૈરીની નાકની કાંટી કરાવતા ચાર વર્ષ હાથી ભાજ્યામાં ગયા ત્યાં સોનાનો પાડો કઈ રીતે લાવવો?

લવજીભાના ઘરે પહોંચેલો રણછોડ મનીમાને તબડાવાના બદલે મનીમા જ તેને બોલતો બંધ કરાવી દે છે. અહીં સવર્ણોની દલિતો પ્રત્યેની તુમાખીના દર્શન લેખક આપણને કરાવે છે. ભુખ અને તરસથી ઘેરાયેલા રણછોડને પોતે કેટલો સમય અહીં બેસી રહ્યો એનુ પણ એને ભાન રહેતું નથી. લવજીડાની એઠી-અધૂરી સિગારેટ ઝીલતો રણછોડ સિગારેટનો કસ ખેંચે છે. પણ મજા આવતી નથી અને પોતાની સ્થિતિથી પરિચિત થતો પોતે ભુખે પેટે કેટલો સમય અહીં રોકાયો એનું ભાન થતાં ઘરે જવા નીકળે છે. સવારના ભુખ્યા રણછોડને જીવી પિત્તળની ચારણીમાં બાજરીનાં રોટલા અને તાંસળામાં પાડાનું શાક પીરશે છે. ત્યાંજ રણછોડ પુછી બેસે છે- "ચોપડી ખાવા શેનું

કર્યું સઅ?" જવાબમાં 'પાડાનું' સાંભળતા જ રણછોડ ચમકી ઉઠે છે. અહીં લેખકે પ્રયોજેલા સ્વપ્નપ્રયોગ દ્વારા રણછોડના મનમાં ચાલતા આંતરિક મનોસંચલનોનો પરિચય ભાવકને કરાવ્યો છે. જેમકે "એણે તાંસળમાં નજર નોંધી રાખી એને તાંસળામાં શાક ઉપરતળે થતું લાગ્યું. ધીમે ધીમે તાસળામાં હલચલ વધતી ગઈ, તાસળામાં પાડાની ખરીઓ, પગ... પછી પાડું દેખાવા માંડ્યુ, એણે આંખો મસળી ત્યાં... ધબ્બાક... ધબ્બાક...(પૃ.201)

-"તાસળામાં નજર નોંધી તાસળામાંથી મોટો લોહીનો ટસિઓ ફૂટતો હોય એમ... ટસિયો મોટોને મોટો થવા માંડ્યો. ધ્રુજતુ પૂંછડુ... એકાએક ધબ્બાક... પાડો તાસળામાં પટકાયો. આખા ઘરમાં પાડાના બોટા જ બોટા... દરેક બોટું લાલ... લાલ... લોહી જેવું... એણે આંખો મીચી દીધી." (પૃ. 201) જેવા વર્ણનો રણછોડની આંતરિક મનોદશાને અને એના મૂંઝારાને યોગ્ય રીતે વ્યક્ત કરી આપે છે. "ના ખાધું હોય તો... પુને પાપ નાહઅ" (પૃ. 202) જેવા માવજી પંડ્યાના શબ્દો રણછોડના કાને ધુમરાયા કરે છે અને ભુખે જીવ જતો હોવા છતાં રણછોડ એકાએક વાંકો વળી તાસળાંને આઘું ધકેલી દે છે. અને મન પરથી બોજો દૂર થઈ ગયો હોય એમ નિરાત અનુભવે છે. ખિસ્સામાંથી બળેલી સિગારેટ કાઢી જીવીને જણાવી દે છે- "આજેણમથી છાણું લી આવજે, આજી તો અપ્પા." (પૃ. 202) આમ, આપણે જોઈ શકીએ છીએ કે વાર્તાની શરૂઆતમાં 'પાડા પાડવાની' ઉતાવળમાં લાગેલો રણછોડ વાર્તા અંતે ખુબ ભુખ લાગી હોવા છતાં એકમાત્ર પાડો જીવતો હતો અને જીવતા પાડાને મારવાનું પાપ પોતાનાથી થયું એ અપરાધબોધથી પીડાતો રણછોડ પીરસેલી થાળીને દૂર ધકેલતો લેખકે બતાવ્યો છે. દલિત સમાજની માનવીય સંવેદના આ વાર્તાના કથાવસ્તુ દ્વારા લેખકે સ-રસ રીતે ટૂંકી વાર્તાની કળાકીય મર્યાદાઓમાં રહીને નીરૂપી આપી છે.

## સંદર્ભગ્રંથ:


1. મૂંઝારો- દલપત ચૌહાણ, પ્ર. આ. 2002, હર્ષ પ્રકાશન.

2. 'દેરી સે પણ દુરસ્ત':ભરત મહેતા, પ્રત્યક્ષ, જાન્યુઆરી-માર્ચ, 2003.